

3/-
શ્રી કચ્છી વિસા ઓશવાળ જૈન
# ખબર પત્રિકા
પાના ૩૨
વર્ષ-૬ • અંક-૨૯૨ • સળંગ અંક - ૨૨૯૨ | ૨૨૬/૨૩૨, નરશી નાથા સ્ટ્રીટ, ભાતબજાર, મુંબઈ-૯. મો. ૮૧૦૪૨૦૯૩૯૨ | ફક્ત મેમ્બરો માટે
સૂર્યોદય - ૦૭.૧૩.૧૯
સંવત - ૨૦૮૨
પોષ સુદ-૧૪, ગુરૂવાર
તા. ૦૧-૦૧-૨૦૨૬
સૂર્યાસ્ત - ૦૬.૧૦.૪૬
દરેક મરણ ખબરમાં લૌકિક વ્યવહાર બંધ છે
'સંપર્કનો સેતુ, સંઘ ભાવના એ જ હેતુ'
www.kutchipatrika.org



**બિદડા**ના **મુલચંદ રાયશી સાવલા** (ઉ.વ. ૮૨) તા. ૨૯.૧૨.૨૦૨૫ ના હૃદયઘાતથી અવસાન પામ્યા છે. માતુશ્રી પાનબાઈ કેશવ કોરશીના પૌત્ર. માતુશ્રી મોંઘીબેન રાયશી કેશવના સુપુત્ર. બિદડાના માતુશ્રી ભાગબાઈ મુરજી રતનશી ગોગરીના દોહીત્ર. બિદડાના માતુશ્રી હીરબાઈ વેલજી હધુભાઈ છેડાના જમાઈ. પુણ્યશ્લોકી સવિતાબેનના પતિ. ધીરજના મોટા ભાઈ. રંજનબેનના જેઠ. શૈલેષ, ભાવેશ, નિલેશ, પરેશના પિતાશ્રી. જયશ્રી, દિપીકા, મનીષા, સોનીયાના સસરા. જીનય, આયુષી, સિધ્ધી, જશ, રૂશાંક, સિધ્ધાર્થ, દાશાના દાદા. પ્રેરણા, લાયજાના કરણ શાહ, બાલાસિનોરના તન્મીક શાહના દાદાજી સસરા. રાજેશ, ભદ્રાના મોટા કાકા. વૈશાલી, ગઢશીશાના સચિન ગડાના કાકાઈ સસરા. મનનના મોટા દાદા. હિયા, કવનના મોટા નાના. બિદડાના ચુનીલાલ રવિલાલ સાવલાના ભાઈતુલ્ય. સદ્‌ગતશ્રીની ઈચ્છા અનુસાર **પ્રાર્થના સભા રાખેલ નથી.** નિ. મુલચંદ રાયશી સાવલા : બી-૯૦૨, હબટાઉન સનમિષ્ટ, આકૃતિ સાઈ વાડી, એન.એસ. ફડકે રોડ, અંધેરી (ઈસ્ટ), મુંબઈ-૪૦૦૦૬૯. મો. ૮૬૫૨૫૩૧૯૧૧ (શૈલેષ).

4/1/1 --------- (1-5)



**લાખાપર**ના **રામજી ગાલા** (ઉ.૮૮), તા. ૨૯-૧૨ના અવસાન પામેલ છે. ખેતબાઈ ભાણજીના પુત્ર. સ્વ. તારાબેન (સાકર)ના પતિ. અનિલ, સરલા, પલ્લવી, જાગૃતિ ના પિતા. અર્પિતા મયેકર, ટુંડા શાંતિલાલ, પત્રી નરેશ, ના. ભાડિયા નિપુલ ના સસરા. કોમલ, જિનાંશ, કાવ્ય, અર્હમ ના નાના. કંકુબેન, કલ્યાણજી, ગાંગજી ના ભાઈ. ભોરારા શામજી કાનજી ના સાળા. જવેરબેન, મણીબેન ના જેઠ. પ્રદીપ, કિરીટ, દિનેશ, વિપુલ, મનીષ, વડાલા જયશ્રી, બિદડા મયુરી ના મોટા બાપા. દિવ્યાબેન, શાંતિલાલ, શશીકાંત, ઝવેરી, બેરાજા રંજન, ભુજપુર જ્યોતિ ના મામા. વાંકી પાનબાઈ ભવાનજીના જમાઈ. જેઠાલાલ, વલ્લભજી, જવેર, દમયંતીના બનેવી. દેશલપર ભવાનજી મેઘજી, છસરા ચુનીલાલ પ્રેમજી ના સાઢુ. મંજુલા, ચંદન ના નણંદોઈ. દેવજી દેવશી, રવજી દેવશી ના ભત્રીજા. ટોડાના રતનમાં ખેતશીના દોહિત્ર. મેઘબાઈ જીવરાજ, જેઠીબેન લાલજી ના ભાણેજ. સાવિત્રી ભગવાન, ટુંડા જયવંતી ગુલાબચંદ, પત્રી વિમળા ચુનીલાલ, ના. ભાડિયા કલ્પના કાંતિલાલ ના વેવાઈ. જિતેશ, મેહુલ, વિપુલ, સુનિતા, માલીની, વૈશાલી ના માસા. હિતેશ, કેતકી ના ફુઆ, દક્ષા રામલાલ ના પિતા તુલ્ય. **પ્રા. શ્રી વ. સ્થા.જૈ. શ્રા. સં., શ્રી કરસન લધુભાઈ નિસર હોલ, દાદર (વે.), ટા. ૨ થી ૩.૩૦.** નિ. અનીલ ગાલા, ઈ-૩/૨૩, રાવલી કેમ્પ, સાયન કોલિવાડા, મું- ૩૭. મો. ૯૯૬૯૫૭૫૯૭૪, પલ્લવી-૯૮૬૯૯૬૪૪૯૮.

4/1/1 --------- (1-5)



**ભારાપુર**ના **માતુશ્રી દેવકાબેન ધનજી હરીયા** (ઉ.વ. ૯૩) તા. ૨૯-૧૨ના અવસાન પામેલ છે. વેલબાઈ પાસુના પુત્રવધુ. ધનજી પાસુના ધર્મપત્ની. સૂર્યકાંત, અરૂણા, પ્રીતી, છાયાના માતુશ્રી. લાયજા લલીત વિસનજી, બિદડા લહેશ વિસનજી, રામાણીયા પ્રફુલ્લ વિસનજી, મીનાના સાસુ. પરીનના દાદી. ખુશ્બુના દા. સાસુ. દામજી, નાનજી, રતનબાઈ, બિદડા નિર્મળા દેવચંદના ભાભી. ફોરમ, વિવેક, પ્રતિક, પ્રિયલના નાની. કોટડી મહાદેવપુરી સચીન ચંદ્રકાંત, પરિતા, સલોનીના ના. સાસુ. દેવ, શ્લોક, નવ્યાના મો. નાની. હીરબાઈ નિરંજનાના જેઠાણી. મહેન્દ્ર, યોગેશ, ઉર્મીલા, ઈલા, કીર્તી, રાજેશ, નીતાના મોટા મા. સ્મિતા, સોનલ, રશ્મી, કંચનના કા. સાસુ. મેરાઉના મેઘબાઈ ઉમરશીના સુપુત્રી. તેજશી, ગોધરા વેલબાઈ દેવજી, લાયજા મણીબેન લખમશી, પાનબાઈ માવજી, કોડાય હીરબાઈ ખેતશી, નાગલપુર ઝવેરબેન રતનશીના બેન. તલવાણા જયવંતી ખુશાલ, મેરાઉ રીટા ખુશાલ, પુષ્પા રસીક, ભાવના રમેશ, ચેતના અશ્વિનના ફુઈ. લાયજા સુંદરબેન વિસનજી, બિદડા નાનબાઈ વિસનજી, કોડાય ચંચલબેન પોપટલાલ, રામાણીયા મણીબેન વિસનજીના વેવાણ. છસરા નીતાબેન જયેશના મો. વેવાણ. છાયા, રાજુ, અંજના, હીતેશના મામી. **પ્રાર્થના રાખેલ નથી.** નિ. સૂર્યકાંત હરીયા, એ-૭૦૩, મધુબન, શીંપોલી રોડ, બોરીવલી (વે.), મું. ૯૨. મીના-૯૧૬૭૨૯૫૬૧૦, અરૂણા-૯૭૬૯૧૮૪૧૦૫.

4/1/1 --------- (1-5)

**॥ નેત્રદાન માટે મૃત્યુબાદ તુંરત સંપર્ક કરો ॥**
**સહિયારા- થાણા-માતુશ્રી ગોમતીબેન રતનશી છેડા નેત્ર બેંક ૯૩૨૦૬૧૧૯૧૯, ૨૫૩૪૧૯૧૯**

## શ્રી ક.વિ.ઓ. સેવા સમાજ
૨૩૭૧૪૬૭૪-૨૩૭૭૩૦૩૨
www.kvoss.org

**તા. ૧ જાન્યુઆરી-સેવા સમાજ 'શુભેચ્છક દાતા'**

સ્વ. શ્રીમતી મણિબેન કેશવજી તેજશી (ચનાભાઈ) છેડાનાં સ્મરણાર્થે શ્રી કેશવજી તેજશી છેડા (દર્ગાપુર - નવાવાસ) તરફથી.

• પૂજ્ય પિતાજી સ્વ. નાનજી લીલાધર છેડા (કાંડાગરા - કુર્લા)ની પુણ્યતિથિ નિમિત્તે માતુશ્રી દેવકાબેન નાનજી છેડા તરફથી.

• સ્વ. માતુશ્રી હેમલતાબેન લક્ષ્મીચંદ કેશવજી શાહ (મુંદ્રા)નાં સ્મરણાર્થે સુપુત્રો શ્રી દિપકભાઈ, શ્રી મહેશભાઈ, શ્રી કિરણભાઈ (મહાલક્ષ્મી) તરફથી મળેલ અનુદાન બદલ શ્રી ક. વિ. ઓ. સેવા સમાજ એમનો હાર્દિક આભાર માને છે. જન્મ, લગ્ન કે પુણ્યતિથિ કોઈ પણ પ્રસંગને યાદગાર બનાવવા સેવા સમાજ 'શુભેચ્છક દાતા' યોજનામાં જોડાવવા રૂા. ૧૧૦૦૦/- (૧૫ વર્ષ માટે)નું અનુદાન આપી આયકર કલમ ૮૦-જીબાદ મેળવો. લિ. માનદ્ મંત્રીઓ.

4/1/1(16) --------- (A-18231)(1-5)



તમારા પરિવારના DESTINATION WEDDING માટે શ્રેષ્ઠ LOGISTICS સેવાઓનો પર્યાય

V-Trans તમારા Destination Wedding માટે શરૂઆતથી અંત સુધીના આયોજનની ચિંતાઓ ઓછી કરશે. લગ્નના વિવિધ પાસાઓડેકોરેશન, આઉટફીટ, ફર્નિચર, અનાજ, ગીફ્ટ તેમ જ ઈવેન્ટના Equipment માટે ખાત્રી દાયક, માવજત ભરી ટાન્સપોર્ટ સેવાઓ એટલે જ V-Trans Logistics સર્વિસ

V-Trans Benefits for Wedding Logisitcs:


ચણીયા ચોળી, લહેંઘા, ડ્રેસીસ, શેરવાની, બ્લેઝર, એપ્રલ રાખવા માટે હેંગીંગ સોલ્યુશન


મોડીફાઈડ અને વધારાના સ્ટોરેજ જગ્યા સાથેના કસ્ટમાઈઝડ વાહનો


વાહનોમાં GPS સાથે સમયસરની સેવાઓ


રીટર્ન સેવા


તમારા સામાનની સલામતી માટે સાવચેતીના પગલા

(CLD-18232)

V-TRANS Driving Excellence
For any destination event logistics contact:
Ramnik Gala: 9322407987 / 022-26847575
Email: rmgala@vtransgroup.com | Website: www.vtransgroup.com
NEEL PARI - 9322299742

**(JYF) જૈન યુથ ફોરમ**
**સ્વકલ્યાણથી સર્વ કલ્યાણ**

આજે કોઈ પણ એક્ઝીબીશન, પ્રદર્શનમાં જવું નહીં. (અનર્થદંડથી બચવા માટે)

• મારી ધારણા પ્રમાણે પચ્ચખાણ, ન કરેમિ, કાયસા તસ્સભંતે પડિક્કમામિ નિંદામી ગરિહામિ અપ્પાણં વોસિરામિ.

• વ્યવસાયિક, કૌટુંબીક અને માનસિક મુંઝવણોનું આધ્યાત્મિક તથા માનસિક માર્ગદર્શન અને કચ્છમાં હેલ્થ કાર્ડ માટે.

• JYF હેલ્પલાઈન નંબર 8591438983.

• જા.ખ. સૌજન્ય : માતુશ્રી શાંતાબેન ગાંગજી ગાલા (લારકીન્સ-મોખા)

2/1/1(14) --------- (A-18223)(3-14)

**મફત ઓપરેશન (ચશ્માનાં નંબરથી મુક્તિ)**

આપણા સમાજ માટે અને ઈતર સમાજ માટે મફત માં ચશ્મા ના નંબર કાઢવાનું ઓપરેશન. ડોકટર જીગ્નેશ ગાલા દ્વારા સંચાલિત સંપર્ક કરો : 7718885245. પત્રિકાની જાહેરાત લાવવા વિનંતી. દાતા : શ્રીમતી જવેરબેન મણસીભાઈ અવચર ગાલા (ગામ : ઘાણીથર) એડ્રેસ : બી ૧૨૫, ગ્રાઉન્ડ ફ્લોર, લારામ સેન્ટર, એસ વી રોડ, અંધેરી વેસ્ટ સ્ટેશન પાસે.

4/1/1(2) --------- (B-18163)(4-10)

SHRI CUTCHI VISA OSWAL DERAWASI JAIN MAHAJAN MUMBAI
Sanchalit
SHRI C. V. O. D. MEDICAL CENTER - GHATKOPAR
Derasar Lane, Ghatkopar-East

Chiropractor & Naturapathy
Dr. Kaustubh Salvi
N.D.
Monday & Friday
Timing : 11 am to 1 pm

Naturapathy & Accupuncture
Rajesh S. Jaiswal
Naturopath & Maharashtra Council Regd. Acupuncture Practitioner
On Appointment

For Appointment Call
8454888711

**'ધી મુંબઈ ગ્રેન ડીલર્સ એસોસિએશન'**
**'વજન માપતોલ નિયમમાં ફેરફાર અંગે'**

**તા. ૨૮.૧૨.૨૦૨૫ ના રોજ સંસ્થા દ્વારા પ્રકાશિત જાહેર ખબર બાબત સ્પષ્ટતા રૂપે જણાવવામાં આવે છે કે, નવા નિયમ મુજબ વજન કાંટા, માપ-પાત્ર, માપ-ટેપ, બીમ સ્કેલ, કાઉન્ટર મશીનો તેમજ પેટ્રોલ અને ડીઝલ ફ્યુઅલ ડિસ્પેન્સિંગ મશીનોની ચકાસણી હવે દર ૨૪ મહિને કરાવવાની રહેશે. પરંતુ સરકારી પરિપત્રમાં ઇલેક્ટ્રોનિક કાંટાઓનો ઉલ્લેખ કરવામાં આવેલ ન હોવાથી તેમની વેરિફિકેશનની અવધિ યથાવત ૧૨ મહિના એટલે કે ૧ વર્ષ જ રહેશે. લી. માનદ્ મંત્રીઓ.**

2/1/1(1) -------- (A-18196)(3-1)

વાંકી મધ્યે ખીરાણી ફળીયામાં બીરાજમાન ગોસરાણી છેડા પરીવારનાં કુળદેવી શ્રી અંબઈ માતાની પહેડી તા. ૧૮-૦૧-૨૦૨૬, રવિવારનાં શુભ દિવસે સાંજે ૪ થી ૯ દરમ્યાન નારાણજી શામજી મહાજનવાડી, માટુંગા (સે.રેલ્વે) મધ્યે રાખવામાં આવેલ છે. માતાજીની પહેડીનાં લાભાર્થી પરીવાર : માતુશ્રી સ્વ. દમયંતીબેન પ્રેમજી નાનજી છેડા : પુનડી-દાદર, સ્વ. અનિષભાઈ પ્રેમજી નાનજી છેડા, શ્રીમતી નિમિષાબેન એડવોકેટ રાજેશ પ્રેમજી છેડા સમસ્ત પરીવાર તરફથી રાખવામાં આવેલ છે. સર્વે ભાવિકો તથા નિયાણી બહેનોએ સહકુટુંબ તેમજ આમંત્રીત મહેમાનોને પધારવા સ્નેહભર્યું આમંત્રણ છે. સર્વે ભાવિકોને સમયસર પધારવા વિનંતી. શ્રી અંબઈ મા ભાવિક મંડળનાં જય માતાજી.

4/1/1(6) -------- (B-18220)(3-2)

**!! રાહત દરે – આજે છેલ્લો દિવસ !!**
**! અડદીયા – ગુંદર પાક – ખજુર પાક !**

નાનામાં નાનો માણસ પણ લઈ શકે એ હેતુથી બનાવેલ (બીજો લોટ) ૩૨ જાતનાં વસાણાં અને ડ્રાયફ્રુટથી બનાવેલ અડદીયા 176/- રૂા., ગુંદર પાક 175/- રૂા., ખજુર પાક 220/- રૂા. (500 ગ્રામનાં ભાવ) ઓર્ડર માટે આજે (ગુરૂવાર) છેલ્લો દિવસ. સવારનાં 8 થી બપોરે 1 વાગ્યા સુધી. Gpay માં પૈસા જમા થયા પછી ઓર્ડર લખવામાં આવશે અને લખાવ્યા પછી કેન્સલ થશે નહીં તેની નોંધ લેવા વિનંતી. ડીલીવરી રવિવાર, તા. 4-1-26 સવારનાં 9 થી બપોરે 12 વા. સુધી મળવાનું ઠેકાણું : રમેશ છેડા, A-1 ન્યુ અશોક એપાર્ટમેન્ટ, બચાની નગર, ચીલ્ડ્રન્સ એકેડમી સ્કુલની સામેની ગલ્લી, ખોડીયાર માતાજી મંદિર ચોક, મલાડ (ઈ.) (થેલી સાથે લાવવી) આભાર. રમેશ છેડા-9653491577.

4/1/1(12) -------- (B-18225)(3-3)

**Shantilal & Sons**

All academic Electronics, Electronics & Telecommunication, Electrical, Mechatronics, Robotics, Automation, Python, IOT, Etc. Mini & Mega project support under one roof for Diploma, Degree, BTECH, ME, MTECH, PHD, Engineering. PROJECTS & PRODUCTS Development and Guidance Contact: Jinay Shantilal Gada No. 9766264986. Note: Special Offer Rate listed Mega projects @7777/-

4/1/1(4) -------- (B-18209)(3-4)

## KVOSJM શ્રી ક.વી.ઓ. સ્થાનકવાસી જૈન મહાજન-મુંબઈ

STHANAKWASI JAIN MAHAJAN

૭૦/૮૦, ડો. આંબેડકર રોડ, વોલ્ટાસની સામે, ચીંચપોકલી (ઈ.), મુંબઈ-૪૦૦૦૧૨.
સંપર્ક: 9082271273, સમય : ૧૧ થી ૫

**કૌટુંબિક સમૃદ્ધિ સમિતિ**
આયોજીત
# વડીલે જો મેળાવડો લોનાવલા



**મહાજનશ્રી સંચાલિત ઝવેરબેન પોપટલાલ પ્રેમજી આરોગ્યધામ લોનાવલા મધ્યે તા. ૧૨ જાન્યુઆરી ના યોજાએલ વડીલ મેળાવડા માટે ટુંક સમયમાં રજીસ્ટ્રેશનમાં જોરદાર પ્રતિસાદ મળેલ છે. આવેલ દરેક અરજદારની અરજી મંજુર કરવામાં આવેલ છે અને બધી સીટ ફૂલ થઈ ગયેલ છે.**

**લોનાવલા જવા માટે બસ**
હિંદુ કોલોની, રોડ નં ૧, વિદ્યા અલંકાર કલાસેસની આગળ, દાદર (ઈ) માટુંગા તરફ જતા બ્રીજની નીચે સવારના ૬.૦૦ કલાકે અચુક બસો ઉપડશે.



**આ વડીલ મેળાવડામાં નીચેના વિષયો પર નિષ્ણાતો દ્વારા માર્ગદર્શન આપવામાં આવશે.**

| વિષય | વક્તા |
|---|---|
| વીલ અને ફાઈનાન્સીયલ પ્લાનીંગ | CA કેતન સૈયા (મોખા) |
| જનરેશન ગેપ | CA અતુલ ભેદા (ભુજપુર) |
| Brain Fitness | મિત્તલ સાલિયા (ગોધરા) |

**મ્યુઝીકલ હાઉઝી વીથ ઓરકેસ્ટ્રા**
"પ્રસંગ" Event ના નીશા ભેદા (ભુજપુર) અને સાથી કલાકારો

**અવનવી ગેમ્સની "ખીચડી"**
દીપેશ છેડા (બીદડા), મિતુલ ગોગરી (બીદડા) "MAD"

**સદાબહાર ગીતોની ઓર્કેસ્ટ્રા**
The Nab-Lions Home for Aging Blind

**આ ઉપરાંત લોનાવલા સાઈટ સીંઈગ**

**:: નોંધ ::**

- બસ ઉપડવાના સ્થળ પર સવારના ૬.૦૦ કલાકે અચૂક સમયસર આવી જવું.
- આધાર કાર્ડની ઝેરોક્ષ કોપી અને ડોકટર ફીટનેસ સર્ટીફીકેટની કોપી ફરજીતયાત સાથે લાવવી.
- બ્લોકોની ફાળવણી સ્ત્રી અને પુરૂષો માટે અલગ-અલગ હોવાથી દરેકે પોતાની વ્યક્તિગત અલગ-અલગ બેગ કરવી.
- આપની સાથે આપની આવશ્યક દવાઓ અને સ્વેટર અચુકથી લેવા.

**વધુ વિગત માટે સંપર્ક**

| ગિરિશ વિસરીયા 9820001088 | દિપક સતરા 9819423972 |
|---|---|
| મુલચંદ ગાલા 9892238005 | કેતન શાહ 9022374647 |

લિ. કન્વીનર - અરવિંદ ડુંગરશી મારૂ - 9821150022

## મહિલા સંસ્થા સમાચાર

**શ્રી દુર્ગાપુર (નવાવાસ) મહીલા મંડળ**

ચાલો ભેગા મળી, ''આપણા જ ગામની દીકરી ધ્રુવી જયેશ ગડા (માસ્ટર ઓફ સ્પોર્ટ્સ ફિઝિયોથેરેપિસ્ટ) અને એમની ટીમ સંગાથે જાણીયે કંઈક સમજ સાથે હેલ્ધી રહેવાના પ્રયાસ સાથે રીન્યુઅલ કરાવી લાણી મેળવીએ,અને કરીએ નવી શુરુઆત. તા. ૯જાન્યુ.શુક્ર વાર ૨. વાગે. શ્રી કરસન લધુ નિસર હોલ ( દાદર) મધ્યે.

- આ પ્રોગ્રામ ફક્ત આપણા મંડળ નાં સભ્ય બહેનો અને નીયાણી બહેનો માટે છે.ત્રણ વર્ષ નું રીન્યુઅલ રૂ.૧૧૦૦ ( મોંઘવારી ને લક્ષ માં રાખીને). એ દિવસે પ્રોગ્રામ માં હાજર રહેનાર દરેક ને લાણી અને કારણવશ તે દિવસે ગેરહાજર હો, તોબીજા કોઈ સાથે આય કાર્ડ અને રિન્યુઅલ ફી મોકલાવી લાણી મેળવી લેવી.
- નવી મેમ્બરશિપ લેવામાં આવશે.
- આ પ્રોગ્રામ માટે પૂરું નામ વોટ્સએપ ઉપર ૨ દિવસ માં લખાવવું જરૂરી.જેથી કરી આયોજન કરવામાં સરળતા રહે.
- આઈ કાર્ડ ફરજિયાત લાવવું.ન લાવનાર ને રૂ. ૫૦ પેનલ્ટી. મનીષા ગંગર-9987840795, કાજલ ગંગર-9967412595.
- દાતાશ્રી : ૧વર્ષ ના પત્રિકા નાં ઈશાન ઈશા અંકિત પ્રવીણ સાવલા
- રૂ. ૫,૫૫૫- શ્રીમતી મીનાબેન સંજય જેઠાલાલ છેડા-પુત્ર કુશલના જન્મદિવસ નિમિત્તે.
- રૂ. ૧,૧૧૧- શ્રીમતી કાજલ રાહુલ મુલચંદ ગંગર-સિદ્ધિતપ તપસ્યાના- નિમિત્તે
- રૂ. ૧,૦૦૦- શ્રીમતી ચૈતાલી લલિત દેવચંદ ગડા-માસક્ષમણ તપસ્યા નિમિત્તે
- રૂ. ૨૫૦૦ નિલેશ પુષ્પા બેન ચંદ્રકાંત સાવલા નાં ૫૦માં જન્મ દિવસ નિમિત્તે.
- દાતાશ્રીઓનો સહકાર આમજ બની રહે એવી અભિલાષા.
- લી.દુ. મ. મં.કમિટી.

4/1/1(10) -------- (A-18213)(3-5)

**કચ્છી મહીલા ફેડરેશન – મંગળ ૬ જાન્યુ. મેડીક્લેઈમ પ્રીમીયમ સહાય વિતરણ**

મહિલા મેડીકલેઈમ પ્રીમીયમ ફંડના કાયમી દાતાશ્રીઓ.

- ૧) શ્રીમતી નવલબેન ઉર્ફે કસ્તુરબેન કલ્યાણજી નાગડા (વીઢ)
- ૨) શ્રીમતી શાંતાબેન દામજી શાહ તથા શ્રીમતી જયવંતીબેન જાદવજી શાહ એંકર પરિવાર (કુંદરોડી)
- ૩) શ્રીમતી પાનબાઈ વલ્લભજીભાઈ ગડા (માટુંગા-બાડા-વિકાસ ગ્રુપ)
- ૪) શ્રીમતી કંચનબેન નવીનચંદ્ર પોલડીયા (તલવાણા-અમદાવાદ-નવનીત)
- ના સહયોગથી મેડીકલેઈમ પ્રીમીયમ સહાય વિતરણ મંગળવાર, તા.૬-૧-૨૦૨૬ સંસ્થાના કાર્યાલયે C/o ભારતીબેન નવીન ગંગર, ૪૬૧/સી, પ્રભાસ્મૃતિ, ગ્રા. ફલોર, ભાઉદાજી રોડ, માટુંગા (સે.રે.) મધ્યે કરવામાં આવશે.
- બપોરે ૩.૩૦ થી ૪.૩૦ : ચર્ચગેટ થી વાપી, સુરત, કચ્છ.
- સાંજે ૫.૩૦ થી ૬.૩૦ : વીટી થી કર્જત, કસારા, હાર્બર.
- અગાઉથી ફોર્મ ભરેલુ હશે તેમને જ સહાય આપવામાં આવશે. જેમના ફોર્મ રીજેકટ કરાયા છે તેમને જાણ કરવામાં આવશે. સહાય લેવા આવતી વખતે ફોર્મ ભર્યાની રસીદ અને ID પ્રુફ લઈ આવવુ જરૂરી.
- લાભાર્થી ન આવી શકે તો અન્ય કોઈ પણ આવી ને રકમ લઈ શકશે તેમની સાથે લાભાર્થીનું અને લેનારનું ID (આધાર કાર્ડ, પેન કાર્ડ) હોવુ જરૂરી. લિ. મહિલા મેડિકલ ફંડ મુખ્ય કમિટી

4/1/1(20) -------- (A-18244)(3-6)

# શ્રી કચ્છી વીસા ઓશવાળ દેરાવાસી જૈન મહાજન-મુંબઈ
# શ્રી કચ્છી વીસા ઓશવાળ સ્થાનકવાસી જૈન મહાજન-મુંબઈ

KVOSJM
STHANAKWASI JAIN MAHAJAN

# જીવન ચક્ર



## કચ્છી ઓ જ્ઞાતીજનોના સને ૨૦૨૫માં થયેલ અવસાનની વિગતો

| મરણની વિગત | પુરૂષ | સ્ત્રી | ટોટલ |
|---|---|---|---|
| હાર્ટ ફેલ (Heart Attack) | 180 | 074 | 254 |
| સંથારો/અનસન વ્રત | 022 | 045 | 067 |
| અકસ્માત | 010 | 007 | 017 |
| બ્રેનહેમરેજ | 005 | 002 | 007 |
| કેન્સર/ માંદગી/ટુંકી માંદગી વી. | 613 | 557 | 1170 |
| કુલ | 830 | 685 | 1515 |

## ખબર પત્રિકા પ્રમાણે તા. ૦૧/૦૧/૨૦૨૫ થી ૩૧/૧૨/૨૦૨૫ સુધીના ૧૨ મહિના ના દરેક ગામોના કુલ મરણ ખબરની વિગત.

| ગામનું નામ | સંખ્યા |
|---|---|
| બીદડા | ૭૩ |
| ભુજપુર | ૬૨ |
| કોડાય | ૫૫ |
| પત્રી | ૪૫ |
| કપાયા | ૪૧ |
| આસંબીયા મોટા | ૩૮ |
| દેશલપર (કંઠી) | ૩૮ |
| વડાલા | ૩૬ |
| બેરાજા | ૩૫ |
| ગુંદાલા | ૩૩ |
| કાંડાગરા | ૩૨ |
| દેવપર | ૩૧ |
| નાગલપર | ૨૭ |
| રાયણ મોટી | ૨૭ |
| ગોધરા | ૨૬ |
| નવીનાર | ૨૬ |
| બાડા | ૨૫ |
| ડુમરા | ૨૫ |
| તુંબડી નાની | ૨૫ |
| ભાડીયા નાના | ૨૪ |
| દુર્ગાપુર (નવાવાસ) | ૨૪ |
| રામાણીયા | ૨૪ |
| છસરા | ૨૩ |

| ગામનું નામ | સંખ્યા |
|---|---|
| ખાખર મોટી | ૨૩ |
| લાયજા | ૨૩ |
| મેરાઉ | ૨૩ |
| ખાખર નાની | ૨૨ |
| મોખા | ૨૧ |
| સાડાઉ | ૨૧ |
| તલવાણા | ૨૧ |
| ભોજાય | ૨૦ |
| કોટડી મહાદેવપુરી | ૨૦ |
| રતાડીયા ગણેશ | ૨૦ |
| પ્રાગપર | ૧૯ |
| સમાઘોઘા | ૧૯ |
| નરેડી | ૧૮ |
| શેરડી | ૧૮ |
| કુંદરોડી | ૧૭ |
| કોટડા રોહા | ૧૭ |
| લુણી | ૧૭ |
| ડોણ | ૧૬ |
| લાખાપર | ૧૬ |
| વાંકી | ૧૬ |
| ડેપા | ૧૫ |
| ઉનડોઠ મોટી | ૧૫ |
| હાલાપર | ૧૪ |

| ગામનું નામ | સંખ્યા |
|---|---|
| ગેલડા | ૧૩ |
| ગઢશીશા | ૧૩ |
| બારોઈ | ૧૨ |
| દેઢીયા | ૧૨ |
| પુનડી | ૧૨ |
| આસંબીયા નાના | ૧૧ |
| ભોરારા | ૧૦ |
| ખારૂઆ | ૧૦ |
| સાભરાઈ | ૧૦ |
| સણોસરા | ૧૦ |
| ટુંડા | ૧૦ |
| કારાઘોઘા | ૦૯ |
| ભીંસરા | ૦૮ |
| મુંન્દ્રા | ૦૮ |
| રાયધણજર | ૦૮ |
| વીઢ | ૦૮ |
| ફરાદી | ૦૭ |
| માપર | ૦૬ |
| મોથારા | ૦૬ |
| મંજલ રેલડીયા | ૦૬ |
| ત્રગડી | ૦૬ |
| બગડા | ૦૫ |
| ચીયાસર | ૦૫ |

| ગામનું નામ | સંખ્યા |
|---|---|
| ટોડા | ૦૫ |
| વાંઢ | ૦૫ |
| ચુનડી | ૦૪ |
| નાગ્રેચા | ૦૪ |
| નારણપર | ૦૪ |
| લઠેડી | ૦૩ |
| હમલા મંજલ | ૦૩ |
| પ્રતાપર | ૦૩ |
| રતડીયા મોટા | ૦૩ |
| વિંઝાણ | ૦૩ |
| બાંભડાઈ | ૦૨ |
| ગજોડ | ૦૨ |
| કોકલીયા | ૦૨ |
| રતડીયા નાના | ૦૨ |
| વરંડી મોટી | ૦૨ |
| બાયઠ | ૦૧ |
| ચાંગડાઈ | ૦૧ |
| મકડા | ૦૧ |
| ભારાપર | ૦૦ |
| વાગડના ગામો | ૩૪ |
| કુલ મરણ ખબર | ૧૫૧૫ |

ઉપરોક્ત સંકલન ખબર પત્રિકામાં આવેલ મરણ ખબરના આંકડાઓના આધારે **શ્રી મણિલાલ પ્રેમજી દેઢિયા** (ગામ : મેરાઉ • હાલે : દહીંસર) વાળા એ કરેલ છે તે બદલ **ખબર પત્રિકા સમિતિ તેમનો આભાર માને છે.**

લી. સંયુક્ત ખબર પત્રિકા સમિતિ

# જીવદયા અનુદાન

## રતાડીયા ગૌશાળા પાંજરાપોળ ૪૦૨, સૈયા હાઉસ, ૨૭૯ ભાતબજાર, મું.૯

- ૭૫૦૦/- શ્રીમતી પ્રીયાબેન રજનીભાઈ શાહ - USA
- ૬૦૦૦/- શ્રીમતી ચંદ્રાબેન કાંતીલાલ ઠક્કર-ભુજ
- ૬૦૦૦/- શ્રીમતી હેમલતાબેન ધીરજલાલ ઈસરાની - વડાલા
- ૫૨૦૦/- એક સદગૃહસ્થ-અમદાવાદ
- ૫૦૦૦/- શ્રી ભરતભાઈ એ. શાહ-અમદાવાદ
- ૫૦૦૦/- માતુશ્રી દમયંતીબેન કીર્તી ભાઈ શ્રોફ - સાંતાક્રુઝ-વાકોલા
- ૪૨૬૦/- મહાવીર સુપર માર્કેટ-મુન્દ્રા દાનપેટીમાંથી નીકળેલ રકમ
- ૩૧૦૦/- સ્વ. જાદવજી મેઘજી છેડાની ૩૧મી પુણ્યતિથી નિમિત્તે હ. શાંતાબેન જાદવજી છેડા-રતાડીયા (ગ.) -વાશી
- ૨૦૦૦/- શ્રી મુકેશભાઈ શાહ-પાલડી-અમદાવાદ
- ૨૦૦૦/- શ્રી હેમંતભાઈ દુધીયા (પોલીટેકનીક) -આંબાવડી-અમદાવાદ
- ૧૧૦૦/- સ્વ. પ્રભાબેન કુંવરજી છેડાની પ્રથમ પુણ્યતિથી નિમિત્તે -રતાડીયા (ગ.)-મુલુંડ
- ૧૧૦૦/- શ્રીમતી જયવંતીબેન નવીન લાલજી છેડાના જન્મદિવસ નિમિત્તે-રતાડીયા (ગ.) ચેમ્બુર
- ૧૦૦૦/- સ્વ. શ્રીમતી જડાવબેન મોતીલાલભાઈ વશાની વાર્ષિક તીથી નિમિત્તે-નવરંગપુરા-અમદાવાદ
- ૧૦૦૦/- શ્રીમતી ગીતાબેન ઉપેન્દ્રભાઈ શાહ પરિવાર-પાલડી-અમદાવાદ
- ૧૦૦૦/- શ્રી રાજેન્દ્રભાઈ મણીલાલ શાહના (૩૦-૧૧-૨૫) જન્મ દિવસ નિમિત્તે (અમદાવાદ)
- ૧૦૦૦/- શ્રીમતી અનુપમાબેન સૌરભ દેસાઈ-અમદાવાદ
- ૧૦૦૦/- માયસા સીધ્ધી હ. આદીત્ય રાજેશ શાહ - પાલડી-અમદાવાદ. દાતાશ્રીઓને ખુબ ખુબ આભાર. 80G-CRS ઉપલબ્ધ. લી. મંત્રીઓ મો.: ૯૮૨૦૪૪૫૭૫૭. સૌ. દેઢીયા જ્વેલર્સ-માટુંગા (CR)

2/1/1(3) -------- (A-18059)(4-1)

### ''સોની કાનજી આણંદજી જ્વેલર્સ''
### ! રેપ્યુટેડ જવેલર્સ : ૧૯૬૮ થી મુંબઈમાં !

કલાત્મક ડિઝાઈનો અને નીતનવી વેરાયટીઓમાં ગોલ્ડ અને ડાયમંડ જ્વેલરીનું બેનમૂન કલેકશન.

- સોની કાનજી આણંદજી જ્વેલર્સ (કચ્છ : ફરાદીવાલા) બી/૧૮, રોયલ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, સહકાર નગરની સામે, નાયગાંવ ક્રોસ રોડ, વડાલા, મુંબઈ-૩૧. ફોન : 41755500, 24150572.

2/1/1(15) -------- (N-18218)(4-2)

## શ્રી કચ્છ બિદડા વિ.ઓ.જૈન મહાજન સંચાલિત શ્રી બિદડા પાંજરાપોળ અને ગૌશાળા

રૂા. ૭૫૦૦૦/- જીવદયા અનુદાન

- રૂા. ૫૫૦૦૦/- ગામ : બિદડાના માતુશ્રી મુક્તાબેન મણીલાલ ફુરીયા (પટેલના) પોત્ર અને શ્રીમતી સંગીતાબેન ભરતભાઈ ફુરીયાનાં સુપુત્ર ચિ. કેવલ અને જસ્વીના લગ્ન પ્રસંગે ૫ ગાય દત્તક અને
- રૂા. ૨૦૦૦૦/- ચિ. કેવલના લગ્નના જુહાર પ્રસંગે.
- દાંપત્યનું જીવન સુખી, સમૃધ્ધ અને નિર્વિઘ્ન રહે એ જ સંસ્થા વતી પટેલ પરીવારને ગૌ માતાનાં આશીષ અને પ્રભુને પ્રાર્થના. અબોલ જીવો પ્રત્યે અપાર પ્રેમ અને લાગણી ધરાવતા આ પરીવારની ખુબ ખુબ અનુમોદના.
- CSR & 80 G Tax Benefit Available.
- સંપર્ક : રાજેશ છેડા-૯૩૨૩૯૧૪૩૦૧, દિનેશ રાજા-૯૮૧૯૧૪૬૭૯૯.

4/1/1(5) -------- (A-18217)(4-3)

### શ્રી જીવદયા મંડળ (રાપર પાંજરાપોળ) આભાર માને છે

૨૧૦૦૦/- શ્રી માટુંગા જેન શ્વેતાંબર મુર્તી પુજક તપગચ્છ સંઘ-માટુંગા (સે.રે.) ૧૫૦૦૦/- વોરા પ્રવિભાઈ નાગજી પરીવાર-કુંદરોડી (કચ્છ) (જીવ છોડાવવા માટે) ૧૧૦૦૦/- સંઘપતિ કાંતીલાલ કુંવરજી ગોસરનાં સ્મરણાર્થે હસ્તે લીલાબેન કાંતીલાલ ગોસર-ગોધરા (કચ્છ) હાલે નાલાસોપારા ૫૦૦૦/- શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન મંડળ-અંધેરી પૂર્વ. સર્વે જીવદયા પ્રેમી ઉદાર દિલ દાતાશ્રીઓને ૭૫૨૫ અબોલ જીવો વતી શુભ આશીર્વાદ પાઠવીએ છીએ. સૌને યથાશક્તિ દાન માટે નમ્ર વિનંતી છે. આપનાં અનુદાન માટે મુંબઈમાં સંપર્ક : અમૃતલાલ કોરડીયા-૯૯૨૦૩૧૩૦૪૮, સુરેશભાઈ કુબડીયા-૯૯૨૦૮૦૭૨૫૦, દેવેનભાઈ જોશી-૯૩૨૦૦૭૭૮૮૧. લિ. મંત્રી.

4/1/1(11) -------- (B-18212)(4-4)

### શ્રી નવકાર સમિતિ લાલબાગ
### સ્પે. અડદીયાપાક, ગુંદરપાક, બદામપાક

શીયાળાની ઠંડીમાં ચુસ્તદુરસ્ત રહેવા શુધ્ધ દેશી ઘી તથા મેવા વસાણાથી ભરપુર શીયાળુ પાક જાત દેખરેખ હેઠળ બનાવી ઉચ્ચ ક્વોલીટી સમાજને રાહત દરે મળે એ હેતુથી દર વર્ષની જેમ આ વર્ષના ત્રીજા લોટની શુભ શરૂઆત આજે જ ઓર્ડર નોંધાવો. વસાણા તથા મેવાથી ભરપુર સ્પે. અડદીયા પાક તથા સ્પે. ગુંદરપાક ૫૦૦ ગ્રામ રૂા. ૩૮૦, બ્રેઈન ટોનીક સ્પેન કેસર તથા ઈલાયચી અને પીસ્તા મેવાથી ભરપુર સ્પે. બદામપાક ૫૦૦ ગ્રામ રૂા. ૫૨૦, ઓમાની કાળી ખજુર તથા મેવાથી ભરપુર સ્પે. ખજુર પાક (સુગરલેસ) ૫૦૦ ગ્રામ રૂા. ૫૮૦, સ્પે. ડ્રાયફ્રુટ પાક (સુગરલેસ) ૫૦૦ ગ્રામ રૂા. ૬૮૦. ઓર્ડર નોંધાવવાની છેલ્લી તા. ૪/૧/૨૬ રવિવાર. ડીલીવરી તા. ૬/૧/૨૬ મંગળવાર સવારના ૧૦ થી ૩ સુધી. ઠેકાણું : લાલબાગ દેરાસરની બાજુની વાડીમાં મળશે. સંપર્ક : શૈલેષ ગોગરી (નાના ભાડીયા) 9833540496, રોશન (રાજુ) હરિયા (બાડા) 8169866512, ડો. જીગ્નેશ દેઢિયા (નાની ખાખર) 9821377667. તા.ક. ડીલીવરી તા. ૬/૧/૨૬ ના ફરજીયાત મેળવી લેશો. (કપડાની થેલી સાથે લાવવી).

2/1/1(24) -------- (B-18254)(4-5)

### જે એમ જી ક્લીનીક હવે અંધેરી સ્ટેશન પાસે

મફત દાંતનું ચેક અપ, દાંતની સંપુર્ણ સારવાર મળશે. સવારે ૯ વાગ્યેથી સાંજે ૯ વાગ્યા સુધી. (9 am to 9 pm) ફુલ માઉથ ડેન્ટલ ટ્રીટમેન્ટ મળશે રાહત દરે. (પુર્ણ પેકેજ માટે સંપર્ક કરો જે એમ જી ક્લીનીકને) 0% EMI ફેસીલીટી મળશે (પુર્ણ ચાર્જ ભરવાની જરૂર નથી) રાહત દરે બધી જ દાંતની ટ્રીટમેન્ટ મળશે. આપણાં સમાજ માટે અને ઈતર સમાજ માટે દાંતનું ચેક અપ - મફત. દાંત કાઢવાનાં-300/- (ઓપરેશન વગર), રૂટ કેનાલ-1000/- એક્રેલીક દાંતની કેપ-400/-, સીરામીક કેપ 2000/- ઝેરકોનીયા કેપ-5200/-, દાંતની બત્રીસી-9000/- ડેન્ટલ ઈમ્પ્લાન્ટ-22000/- દાંતનાં ડોક્ટર : ડો. સોનાલી. સંચાલક : માણસીભાઈ ગાલા, જે.એમ.જી. ક્લીનીક અંધેરી (વેસ્ટ) લોકેશન : એ૧-૨૦૨, ક્રીસ્ટલ ક્લેર આઈ એન્ડ ડેન્ટલ ક્લીનીક, લારામ સેન્ટર, સુનીલ જ્વેલર્સની ઉપર, નાડકો શોપીંગની બાજુમાં, એસ.વી.રોડ, અંધેરી (વેસ્ટ) રેલ્વે સ્ટેશનની સામે, ફોન : 8433742300, 7718885245.

4/1/1(4) -------- (B-18151)(4-6)

### દેશ વિદેશ કુરિયર 24x7

વ્યાપારીઓ અને પ્રોફેશનલો માટે મુંબઈ તેમજ India ના કોઈ પણ ખૂણામાં કુરિયર, Document, પાર્સલ મોકલવા લાવવા અનુજ લક્ષ્મીચંદ સંગોઈ (નાંગલપુર)ને ફોન / WHATS APP કરો 8879991866. All India Free Pick Up Service.

2/1/1(5) -------- (B-18143)(4-7)

### સુરતી ઉંધીયું - જૈન ઉંધીયું

દર રવિવારનાં સવારનાં જૈન ઉંધીયું તથા લસણયુક્ત સુરતી ઉંધીયું મળશે. પ્યોર ઘીમાં જલેબી તથા મરી યુક્ત ફાફડા, ખમણ, પાત્રા, ખાંડવી, સફેદ પતલા ઢોકળા, જૈન અમીરી ખમણ મળશે. ફક્ત ઓર્ડરથી જૈન સમોસા, કોર્ન ચીઝ સમોસા, ખાસ્તા કચોરી, દહીંવડા, ઈડલી ચટની, પાંઉભાજી, જૈન બીરીયાની તથા પુલાવ બનાવી મળશે. મિલન સ્વીટ એન્ડ ફરસાણ માર્ટ. હિંદમાતા-9920103634, 8928890134.

4/1/1(3) -------- (B-18158)(4-8)

### ફીઝીકલ શેર્સ છે ?

મૃત વ્યક્તિનાં શેર્સ વારસદાર/દાવેદારનાં નામે કરવા, ફીઝીકલ શેર્સ ડીમેટ કરવા, ડુપ્લીકેટ શેર્સ સર્ટીફીકેટ મેળવવા બાબત સંપર્ક કરો. પુજા છેડા-9664248854.

4/1/1(7) -------- (B-18219)(4-9)

### ચાલો ઉવસગ્ગરંમ તીર્થ, ચાલો રાજસ્થાન
### ચાલો સ્ટેચ્યુ યુનીટી, મણીલક્ષ્મી તીર્થ, પોઈચા

રમણ શેઠીયા સંચાલિત...ઉવસગ્ગરંમ તીર્થ, ભાંડકજી, ભદ્રાવતી, કૈવલ્ય ધામ, રાયપુર, નાગપુર દિ. ૬, ઉ. ૨૮-૧, ૪ સીટ બાકી. (૨) રાજસ્થાન પ્રવાસ : દિ. ૬, ઉ. ૨૬-૨. (૩) મણીલક્ષ્મી તીર્થ સ્ટેચ્યુ યુનીટી, દિ. ૩, ઉ. ૭-૧, ૧૨-૨, ૨૫-૩. એ.સી. બસ, એ.સી. રૂમો. ઘર જેવું ટેસ્ટી ભોજન, લક્ઝરી પ્રવાસ. સં. રમણ શેઠીયા-9372971397, જય શેઠીયા-9326205589.

4/1/1(32) -------- (B-18261)(4-10)

## સાચી જુની જરી વધારે ભાવથી વેંચવા પરફેક્ટ મહાવીર એમ્બ્રો.માટુંગા

બઝારથી વધારે ભાવથી ડાયરેક્ટ કારીગરને વેંચીને વધારે ભાવ મેળવો બીજે જતાં પહેલાં ભાવનો ટચ કઢાવવા માટુંગા મહાવીરમાં પધારો. શ્રી મહાવીર એમ્બ્રોઈડરી માટુંગા ફુલગલ્લીની સામે. ૮૬૫૨૨૩૯૫૩૭ / ૯૮૩૩૯૧૬૫૧૦. સોમ બંધ.

2/1/1(2) -------- (B-18140)(4-11)

## શ્રી મેઘજી સોજપાલ જૈન આશ્રમ, કચ્છ-માંડવી
### (પ્રેરક : મુનીશ્રી શુભવિજયજી)

- ૫૦,૦૦૦/- લક્ષ્મીબેન નીલેશ વિનોદ-ભીવંડી
- ૫૦,૦૦૦/- કુંદનબેન આર. શાહ તરફથી સહર્ષ -ધાંગધ્રા
- ૨૭,૫૧૦/- દેરાસરજીના ગુપ્ત ભંડારાથી પ્રાપ્ત થયેલ અનુદાન (શ્રી મે.સાં. જૈન આ.ક.-માંડવી)
- ૨૫,૦૦૦/- જયાબેન સી. શાહ-ચેન્નાઈ
- ૨૨,૫૦૦/- આશ્રમની ઓફિસના ગુપ્ત ભંડારાથી પ્રાપ્ત અનુદાન
- ૨૧,૦૦૦/- કોકીલાબેન પ્રવીણભાઈ સાવલા-કોડાય
- ૨૦,૦૦૦/- ડિમ્પલ સંકેત જૈન-મુંબઈ (બે દિવસ મિ. જમણ કરાવેલ છે)
- ૫,૮૪૦/- રીશાન સંકેત જૈન -મુંબઈ
- ૪,૧૯૪/- રીતેશ કિર્તીકુમાર જૈન-મુંબઈ
- ૧૮,૧૧૮/- લક્ષ્મીચંદ નાનજી શાહ-મેરાઉ
- ૧૬,૨૧૮/- લિલમ દેવજી પાલાણી-કોઠારા
- ૧૬,૪૨૧/- લક્ષ્મીચંદ નાનજી શાહ-મેરાઉ
- ૧૬,૧૯૮/- લક્ષ્મીચંદ નાનજી શાહ-મેરાઉ
- ૧૫,૯૭૪/- લક્ષ્મીચંદ નાનજી શાહ-મેરાઉ
- ૧૫,૦૬૫/- શાંતીકુમાર શીવલાલ શાહ-માંડવી
- ૧૫,૦૦૦/- કુંભાર રિયાઝ અનવર
- ૧૨,૧૦૦/- સાધાર્મિક ભક્તો તરફથી હ. હરેશભાઈ પોપટલાલ શાહ-પૂના
- ૧૨,૦૦૧/- ગાલા એન શેઠિયા એન્ટરપ્રાઈઝ-અંધેરી
- ૧૨,૦૦૦/- શ્રી ડુમરા ગામે શ્રી મોમાય માતાજીના નૂતન મંદિર નિર્માણ તથા માતાજીની પ્રતિષ્ઠા નિમિત્તે
- ૧૨,૦૦૦/- કાસમભાઈ હુસેનભાઈ સુમરા-માંડવી
- ૧૧,૧૧૧/- આદિશ્રી સ્વ. આશીષભાઈ શાહના સ્મ. શંખેશ્વર
- ૧૧,૦૦૦/- જાનીયા રશ્મીતભાઈ જૈન-વડગામ
- ૧૧,૦૦૦/- રાયણ ગામે પૂ. કુળદેવી શ્રી અંબિકામાતાને નમતા છેડા ભાવિકોના ૧૦મા સમુહ જુવાર સમારોહ નિમિત્તે
- ૧૧,૦૦૦/- નિતીનભાઈ ગુલાબચંદ જૈન-ગાંધીધામ
- ૧૧,૦૦૦/- નરેશચંદ્ર ચીનુભાઈ શાહ તરફથી સ્વ. જયાબેનના આત્મશ્રેયાર્થે-અમદાવાદ
- ૧૧,૦૦૦/- શ્રી શામજી ગાંગજી ધરોડના અનશનવ્રત નિમિત્તે-પત્રી
- ૧૦,૩૫૦/- મારવાડી યુવા મંચ-મુંદ્રા
- ૧૦,૦૦૦/- રાકેશચંદ્ર શંકરલાલ અડાલજા-પાટણ.

દાતાઓનો આભાર.

લિ. પ્રમુખશ્રી, ટ્રસ્ટીઓ

9004646044 / 022 66153404

(CLB-17955)

Ghalla Bhansali Foundation
Trust • Legacy • Wealth

# વિચારો ને ધૂન સુધી લઈ જાવ...

અંગ્રેજીમાં એક શબ્દ છે વીશ અને બીજો છે બર્નિંગ ડિઝાયર જેને ગુજરાતીમાં ઈચ્છા અને ઝંખના કહી શકાય. ધનવાન કોણ બની શકે ? કોઈએ કહ્યું કે ખૂબ મહેનત કરવાથી પૈસા મળે. તો મનમાં પ્રશ્ન ઉદ્‌ભવ્યો કે તો પછી બધા મજૂરો ગરીબ કેમ છે ? કોઈએ કહ્યું કે ખૂબ ભણો તો પૈસાદાર થવાય. તો સામે પ્રશ્ન થયો કે ઘણા અભણ માણસો પણ ધનવાન કેવી રીતે બન્યા ? કોઈએ કહ્યું કે અમુક ગ્રહોની અસર નીચે જન્મીએ તો તે ગ્રહોની અસર તમને લક્ષ્મીપતિ બનાવે, તો પછી નવો પ્રશ્ન થયો કે ધીરૂભાઈ અંબાણી કે જેફ બેઝોસ જે ગ્રહોની અસર નીચે જન્મેલા તે જ સમયે તે જ ગ્રહોની અસર નીચે જન્મેલા બીજા બાળકો કેમ ધનવાન ન બન્યા ? કોઈએ કહ્યું કે ભગવાનની અને ખાસ કરીને લક્ષ્મીજીની પૂજા અર્ચના કરવાથી પૈસાવાળા થવાય. તો એવો પ્રશ્ન ઉદ્‌ભવ્યો કે ફોર્બ્સ મેગેઝીનના બિલિયોનેર લીસ્ટમાં જેમના નામ છે, શું તેમણે લક્ષ્મીપૂજન કર્યું હતું ? કોઈએ કહ્યું કે પૈસાવાળા બનવા માટે નસીબ જોઈએ, તો તેમાંથી બીજો પ્રશ્ન ઉભો થયો કે આ નસીબ બનાવવું કેવી રીતે ? તમારા મનમાં પણ આ બધા પ્રશ્નો ઉદ્‌ભવ્યા હશે અને તેના જવાબોને લઈને તમારા મનમાં પણ મૂંઝવણ થઈ હશે. **વ્હાલા મિત્રો, જીવનમાં ભાગ્યે જ કશુંય આકસ્મિક બને છે. શ્રી નારાયણ મૂર્તિનું એક જાણીતું વિધાન છે ‘‘ઈટ હેઝ ટેઈકન મી ટવેન્ટી ફાઈવ ઈયર્સ ટુ બીકમ એન ઓવરનાઈટ વંડર.’’ રાતોરાત સફળતા મેળવતાં મને તો પચીસ વર્ષ લાગ્યા. ખરેખર, કામ પ્રત્યેનો લગાવ જ તમને સફળતાની ખાતરી આપી શકે.** પ્રસ્તુત છે આને લગતી એક જાણીતી રસપ્રદ વાત...

પ્રેમ ગણપતિનું નામ કદાચ અજાણ્યું લાગે પરંતુ તેમના ‘‘ડોસા પ્લાઝા’’નું નામ ખૂબ જ જાણીતું છે. પ્રેમનો જન્મ તામિલનાડુના એક નાનકડા ગામમાં થયો હતો. તેમના પિતાએ કોલસાના વેપારમાં મોટી ખોટ કરીને ખેતીના કામમાં જોડાયા હતા. પ્રેમ ધર્માદાની સ્કૂલમાં ૧૦ મું ધોરણ ભણીને એક કોફી શૉપમાં નોકરીએ રહી ગયા. ૧૯૯૦ માં તેઓ ભાગીને મુંબઈ આવી ગયા ત્યારે તેમને હિન્દી-મરાઠી ભાષા નહોતી આવડતી. જેમતેમ કરી બેકરીમાં સફાઈનું કામ મેળવ્યું, પછી હોટલમાં વાસણ ધોવાનું અને પછી ચાવાળાની નોકરી કરી. પ્રેમની લોકવ્યવહારની કળાથી પ્રભાવિત થઈને બેંકના એક કર્મચારીએ થોડા નાણાં રોક્યા અને વાશીમાં એક ટી-સ્ટોલ ચાલુ કર્યો. દુકાન ખૂબ ચાલવા લાગી એટલે તે કર્મચારીએ પ્રેમને ભાગીદારીમાંથી છૂટા કર્યા જે તેમના માટે બહુ જ નિરાશાજનક પ્રસંગ હતો. પ્રેમ પાછા ગામડે ગયા અને એક ભાઈ તથા કાકા પાસેથી રૂા. ૨૦,૦૦૦ ની લોન લઈને ફરી મુંબઈ આવ્યા. એક જગ્યાએ વાશીમાં દક્ષિણ ભારતીય વાનગીની લારી કરી. તેમાં ધીરે ધીરે ઢોસા ઉપર ફાવટ આવવા લાગી. પ્રેમે સફાઈ અને શ્રેષ્ઠ ક્વોલિટીના ઢોસા, આ બે જ વસ્તુ ઉપર ધ્યાન આપવા માંડ્યું. ધીમેધીમે તેમની લારી જામવા લાગી. બધું જ ચોખ્ખું રાખવાનું અને વાસી તો બિલકુલ નહીં. આવા નિયમોએ પ્રેમને જાણીતો બનાવ્યો.

દર વર્ષે પ્રેમ વાદળી બોર્ડ ઉપર સફેદ અક્ષરથી નામ ચીતરવાનું ચાલુ રાખતા. પછી તેમણે મોર્ડન નામ અપનાવ્યું અને ‘ડોસા પ્લાઝા’ નામ પસંદ કર્યું. પ્રેમ દરેક પ્રદર્શન, ઈવેન્ટમાં મોટા વાદળી બેનરમાં ‘ડોસા પ્લાઝા’ના નામ સાથે પોતાનો ફૂડ સ્ટોલ લગાવતા. આ રીતે તેમનું નામ વધુ જાણીતું બન્યું. તેમણે બીજી શાખાઓ ખોલવા માંડી અને તેમનો કારોબાર સતત વધતો જ ગયો. પછી પ્રેમે તામિલનાડુના પોતાના ગામમાંથી અનેક ભાઈઓને બોલાવી લીધા હતા. તે પોતાનું આકર્ષણ જાળવી રાખવા માટે નીતનવી વાનગીઓ વિચારતા, અજમાવતા અને જે ચાલે એજ વાનગી ચાલુ રાખતા હતા. હાલ તેમના ડોસા પ્લાઝામાં ૧૦૪ જાતના ડોસા મળે છે. ધંધો ધંધાને શીખવે એ ન્યાયે પ્રેમની શાખાઓ વધતી રહી. તેમણે ફ્રેન્ચાઈઝીના હક્કો આપવા માંડ્યા. શરત એક જ કે ખીરું પ્રેમનું જ વાપરવાનું, નામ ડોસા પ્લાઝા રાખવાનું અને સ્વચ્છતામાં જરાય બાંધછોડ નહીં કરવાની. હાલ ડોસા પ્લાઝાના ભારતના અલગ અલગ રાજ્યો અને વિદેશોમાં બધું મળીને ૧૦૦ જેટલા આઉટલેટ છે. ૨૦૦૮માં તેમની ન્યુઝીલેન્ડની ફ્રેન્ચાઈઝીમાં ત્યારના વડાપ્રધાન હેલન ક્લાર્ક પણ ભારતીય ઢોસાની જયાફત માણી ગયા છે.

જીવન એટલે રોજબરોજ થતા વૈવિધ્યસભર અનુભવોનો સરવાળો. આ અનુભવોને મુખ્યત્વે ત્રણ ભાગમાં વહેંચી શકાય, ભૂતકાળ - વર્તમાનકાળ - ભવિષ્યકાળ. જે જિવાઈ ગયો છે તે ભૂતકાળ. જે જિવાઈ રહ્યો છે તે વર્તમાનકાળ અને જે જીવતર બાકી છે તે ભવિષ્યકાળ. **મોટેભાગે ભવિષ્યની ઘટનાઓ માટે આપણો વર્તમાનકાળ જ જવાબદાર હોય છે. શું નવા આઈડિયાઝ સ્વીકારવાની કે સાંભળવાની મોટાઈ તમારામાં છે ? ચોઈસ ઈસ યોર્સ... જોજો, નિર્ણય લેવામાં થાપ ન ખાતા !**

સંકલન : **રીતેશ અરવીંદ પોલડીયા**
ritesh@ghallabhansali.com

(CLB-18221)

(ગાલા ભણસાલી ફાઉન્ડેશનના ઉપક્રમે દર મહિનાની શરૂઆતમાં પ્રસિધ્ધ થતા આ ટુંકા લેખનો હેતુ સમાજમાં સાચી જાગરૂકતા કેળવવા માત્રનો જ છે.)

**ગોધરા : જીવદયા નિરણ કેન્દ્રમાં : લીલા ચારાના પુળા ૨૮ ડિસેમ્બર સુધીનાં દાતાશ્રી**

● અર્હમ ધનીક દેવેન્દ્ર છેડા (૧) એપ્રીલ : ૯૯ (૨) મે : ૯૫ (૩) જુન : ૪૧ કુલ્લ ૨૦૫ પુળા
● કંચનબેન કાંતીલાલ કુંવરજી છેડા : ભુજ (૧) એપ્રીલ : ૫૩ (૨) મે : ૨૧૫ (૩) જુન : ૩૨ કુલ્લ ૩૦૦
● ભાવના રમેશ : મેરાઉ (૧) એપ્રીલ : ૯૩ (૨) મે ૯૫ (૩) જુન : ૧૯ કુલ : ૧૬૭.
● શ્રી કાંતીલાલ આસુભાઈ : નવાવાસ (૧) એપ્રીલ : ૫૩ (૨) મે : ૯૫ (૩) જુન : ૧૯ કુલ્લ ૧૬૭.
● શ્રી મણીલાલ વેરશી છેડા (૧) એપ્રીલ : ૧૭ (૨) મે : ૩૧ (૩) જુન : ૩૧ કુલ ૬૧
● માતુશ્રી નવલબેન ઝવેરચંદ ગાંગજી છેડા : (૧) એપ્રીલ : ૨૭ (૨) મે : ૩૧ (૩) જુન : ૧૩ કુલ ૬૧
● માતુશ્રી લક્ષ્મીબેન આસગ સાવલા (૧) એપ્રીલ : ૧૭. કુલ ૧૭
● શ્રી પ્રેમજી ભુલાભાઈ રાંભીયા (૧) એપ્રીલ : ૧૭ (૨) મે : ૩૧ (૩) જુન : ૧૩ કુલ : ૬૧
● માતુશ્રી વેલબાઈ પાલણ મોતા હા. કેતન ઝવેરચંદ મોતા (૧) મે : ૪૦ કુલ : ૪૦
● શ્રી ઉમરશી કાનજી સાલીયા : જુન-૧૩
● નોંધ : (૧) તા. ૩૧-૧-૨૦૨૬ સુધી પુળામાં નામ લેવામાં આવશે. (૨) ૧ પુળો ૬ થી ૮ કિલો. રૂા. ૩૦ લેખે ઓછામાં ઓછા ૧૦ પુળા (૩) ૧ ફેબ્રુઆરીથી નામ લેવાનાં બંધ (૪) એપ્રીલ : ૧૭ દિવસ - મે : ૩૧ દિવસ-જુન : ૧૩ દિવસ. કુલ ૬૧ દિવસ.
● લિ. કાંતીલાલ રવજી છેડા (મો. 9833673316)

4/1/1(8) -------- (A-18215)(2-1)

**ગુંદાલા ગામનાં રાપરીયા ફરીયાનાં ગડા નુખની ૧૬ મી પહેડી**

● ગુંદાલા ગામે રાપરીયા ફરીયામાં બિરાજતા કુળદેવી શ્રી ચામુંડા માતાજી અને કુળદેવી શ્રી સચ્ચા માતાજીને નમતા 'ગડા' નુખની ૧૬મી પહેડી રવિવાર, તા. ૨૫-૧-૨૦૨૬ ના સમૃધ્ધિ હોલ, મદન મોહન માલવીયા રોડ, ટેલીફોન એક્સચેન્જની બાજુમાં, મુલુંડ (વેસ્ટ) મધ્યે યોજવામાં આવેલ છે. ભાવિકો, નિયાણી બહેનોને સહપરિવાર તથા આમંત્રિત મહેમાનોને પધારવાનું ભાવભર્યું આમંત્રણ છે.
● કાર્યક્રમ : સવારે ૮ થી ૯ : ચા-નાસ્તો, સવારે ૯ ક. : માતાજીના પોખણા તથા સામૈયું, સવારના ૯.૩૦ થી ૧૧.૩૦ : માતાજીની ભક્તિ-પૂજા, બપોરે ૧૨.૦૦ ક. : માતાજીનો થાળ, બપોરે ૧૨.૩૯ ક. : માતાજીની આરતી. બપોરના ૧૨.૩૦ થી ૨ ક. : માતાજીનો પ્રસાદ. સર્વેને સમયસર પધારવા વિનંતી.
● પહેડીનો સંપૂર્ણ લાભ : માતુશ્રી પાનબાઈ પ્રેમજી ઉકેડા ગડા હસ્તે મીના ચીમનલાલ ગડા પરિવારે લીધેલ છે.
● ભક્તિની રમઝટ કરાવશે : વિશાલ બીટસ અને સાથી કલાકારો તથા આશા પ્રજાપતિ અને કમલેશ બારોટ.
● કાળા વસ્ત્રો પરિધાન ન કરવા વિનંતી. જય માતાજી. ચીમનલાલ ગડા-૯૩૨૨૮૯૮૨૨૨.

4/1/1(13) -------- (B-18224)(2-2)

મુંબઈમાં એકથી વધારે બીલ્ડીંગ તથા મોટી કોલોની રીડેવલોપ માટે સારા બિલ્ડર આપશું. સંપર્ક : 9320085447. કાંતી દયાળજી સોની (નાની ખાખર)

4/1/1(29) -------- (B-18256)(2-3)

**'પાસડ નુખનાં ભાવિકો તથા નિયાણી બહેનો રવિવારે પહેડીમાં આવવાનું યાદ છે ને ?**

**કચ્છ ભોજાય મધ્યે બીરાજમાન 'પાસડ' નુખનાં કુળદેવી શ્રી અંબે માઁ ની - શ્રી પાસડ ભાવિક સંઘ આયોજીત મુંબઈમાં '૩૪ મી સળંગ પહેડી' રવિવાર, તા. ૪-૧-૨૦૨૬નાં (સવારનાં ૮.૧૫ વાગ્યાથી) ઠે. આર.આર. બેંકવેટ હોલ' મ્હાડા કોલોની, મુલુંડ (ઈસ્ટ) મધ્યે યોજવામાં આવેલ છે. (વેલે પાર્કીંગ છે) સર્વે ભાવિકો તથા નિયાણી બહેનોએ સહકુટુંબ વેળાસર પધારી માઁની ભક્તિમાં ભાવ વિભોર બની આરતી, દર્શન, પ્રસાદનો લાભ લેવા ભાવભર્યું આમંત્રણ છે. (દરેક કાર્યક્રમ સમયથી પહેલાં શરૂ થઈ જશે માટે સમયસર હાજરીને પ્રાધાન્યતા આપવા ખાસ અનુરોધ.**

**● પહેડીનું આયોજન 'આના ફંડ' થી રાખવામાં આવેલ છે. (૧ આનો = રૂા. ૧૦૦૦ લેખે) આપ સૌ 'આનાફંડ' માં વધુ ને વધુ 'આના' લખાવી માઁ પ્રત્યે આદરભાવ સાથે સહયોગી બનવા આગ્રહભરી નમ્ર વિનંતી.**

**● દર પાંચ આનાફંડનાં કુપન ઉપર આકર્ષક ભેટ અપાશે.**

**● લકી કુપનનાં ડ્રો દ્વારા આરતી/થાળનો લાભ મળશે. ઉપરાંત બીજા '૭' ઈનામો લકી ડ્રો દ્વારા છે.**

**● પહેડીમાં અખંડ દિપક, ધુપ અગરબત્તી, પત્રીકા સૌજન્ય દાતા વગેરે લાભ ચડાવાથી લેવામાં આવશે. અગાઉથી નિર્ધાર કરી લાભ લેવાનું ચુકશો નહીં.**

**● ઉપરાંત સ્થાનિકે ધ્વજા રોહણનાં ચડાવા પણ હંમેશ મુજબ પહેડીમાં લેવામાં આવશે.**

**● લિ. શ્રી પાસડ ભાવિક સંઘનાં જય માતાજી (સંપર્ક સુત્ર : શ્રી મહેન્દ્ર સુંદરજી પાસડ : મો. ૯૮૧૯૪૨૪૨૬૬)**

**● પત્રીકા સૌજન્ય : ચુડીદાર લેડીઝ વેઅર/ ચુડીદાર પેલેસ : ડોંબીવલી. (Since - 1993) માતુશ્રી મણીબેન પોપટલાલ વલ્લભજી પાસડ 'કલ્યાણ પરીવાર' (કચ્છ-દેઢીઆ)**

4/1/1(6) -------- (B-18216)(2-4)

# આભાર

**ઋણ સ્વીકાર : વિશેષ આભાર**

લાખાપરનાં શ્રી રામજી ભાણજી ગાલાની અંતિમ વિધિનો સંપુર્ણ સામાનથી લઈને ખારી માની સેવા આપવા બદલ શ્રીમતી બીનાબેન રાજેશ છેડા (જસ્ટ ઈન ટાઈમ) દાતા પરીવારનો ખુબ ખુબ આભાર. શ્રી કોલીવાડા રાવલી કેમ્પ અચલગચ્છ જૈન સંઘનાં પદાધિકારીઓ અને કાર્યકર્તાઓનો પણ આભાર વ્યક્ત કરીએ છીએ. લિ. શ્રી અનિલ રામજી ગાલા અને સમસ્ત પરીવારજનો.

4/1/1(31) -------- (B-18262)(2-5)

**ઋણ સ્વીકાર આભાર**

ગામ બિદડા નાશ્રી મુલચંદ રાયસી કેશવ સાવલાના દુઃખદ અવસાન પ્રસંગે સર્વે સગા સંબંધીઓ, ગામવાસીઓ, મિત્રો, સ્નેહીજનો, શ્રી બિદડા છકોટી સ્થા.જૈન સંઘ, શ્રી સાવલા ભાવિક મંડળ બિદડા, શ્રી બિદડા મુંબઈ મહાજન ટ્રસ્ટ તથા શ્રી બિદડા ની વિવિધ સંસ્થાઓ તરફથી શોક સંદેશા તથા ફોન દ્વારા, વોટ્સએપ મેસેજથી તથા અંતિમ યાત્રા સમયે અમારા દુઃખદ સમયે હાજર રહી અમારા દુઃખમાં સહભાગી થવા બદલ માતુશ્રી મોંઘીબાઈ રાયસી કેશવ સાવલા પરિવાર અંધેરી-શીવડી તરફથી સર્વે નો ખુબ ખુબ આભાર. ઋણ સ્વીકાર. શ્રી સિધ્ધ શીલા ફાઉન્ડેશન અંધેરી.

4/1/1(19) -------- (B-18245)(2-6)

**દેવલાલીમાં મોકાનો ફ્લેટ**

વર્ધમાન સોસાયટીમાં (Scheme-1) ૯૧૦ Sq. Feet, 2 BHK, ૧લે માળે, ૨૪ કલાક પાણી, ઈસ્ટ-વેસ્ટ ઓપન, ભરપુર હવા ઉજાસ અને દેરાસર, સ્થાનક, પ્રિન્સ ભોજનાલય, શાકભાજી, ગ્રોસરીની દુકાન, દવાખાનાની બાજુમાં, પદમાવતી સોસાયટીના જોડા જોડ, બાલગ્રહ રોડ, ફ્લેટ જોવા માટે, રંજન શાહ ફોન નં. 9623534998.

2/1/1(23) -------- (N-18241)(2-7)

**'સતરા ભાવિકોની ૩૮મી પહેડી' ! આભાર-ક્ષમાયાચના-અભિલાષા !**

ગુંદાલા સ્થાને બિરાજમાન સતરા નુખના કુળદેવી શ્રી અંબઈ માતાજી સહ શ્રી જેશલપીર દાદાઅને શ્રી રામદેવપીરની '૩૮મી સમૂહ પહેડી' તા. ૨૮-૧૨-૨૦૨૫નાં આર.આર. બેંકવેટ હોલ (મુલુંડ-ઈસ્ટ) મધ્યે માઁની ભક્તિ ભાવના અને રાસ ગરબાની રમઝટ સાથે આનંદ-ઉલ્લાસભેર યોજાઈ. પહેડી પ્રસંગે ખુબ જ સારી સંખ્યામાં પધારીને માઁની ભક્તિમાં ભાવ વિભોર બની દર્શન-પ્રસાદનો લાભ લીધ બદલ સર્વે ભાવિકો, નિયાણી બહેનો તથા આમંત્રીત મહેમાનોને ધન્યવાદ.
● પહેડીનાં દાતા : શ્રીમતી પ્રેમીલા કાંતીલાલ દામજી સતરા પરીવારનો ખુબ ખુબ આભાર.
● (૧) આર.આર. બેંકવેટનાં શ્રી સોલંકીભાઈ તથા સર્વે સ્ટાફગણની સુંદર વ્યવસ્થા બદલ (૨) ભાવતા ભોજનીયા સહ અપ ટુ ડેટ કેટરીંગ સર્વિસ બદલ અક્ષ્મી કેટરર્સ (૩) માતાજીની ભક્તિમાં સૌને તરબોળ કરનાર જૈની આર્ટસ-ઉત્તમ છેડા તથા સર્વે કલાકારો તેમજ શ્રી અંબઈ માતાજી, શ્રી જેશલ પીર દાદા, શ્રી રામદેવ પીરની સ્થાપના, પુજાપાઠ હૃદયસ્થ ભાવે કરાવનારા શ્રી વિનોદ મારાજ એવંમ્ નામી-અનામી સર્વેને ધબકતી સલામ.
● ચૈત્ર સુદ-૧૩, મંગળવાર, તા. ૩૧-૩-૨૦૨૬નાં માતાજીનાં મંદિરની (સ્થાનિકે) ધ્વજાના ચડાવાનો અમુલ્ય લાભ લેનાર માતુશ્રી ઝવેરબેન રમણલાલ સતરા 'ટીપ ટોપ પ્લાઝા પરીવાર' (ગુંદાલા) નો હર્ષભેર અભિવાદન.
● પહેડીનાં સુચારુ સફળ આયોજન માટે ભાવિક મંડળ સતત સમર્પિત છતાંય કોઈને અગવડ પડી હોય, કોઈની લાગણી દુભાઈ હોય તો અંતઃકરણથી મિચ્છામી દુક્કડમ્.
● ભાવિક મંડળને (માતાજીનાં) દરેક કાર્યમાં આપ સર્વેનો આવો જ સુંદર સાથ સહકાર મળતો રહેશે એ જ અભિલાષા.
● લિ. સતરા ભાવિક મંડળ : ટ્રસ્ટીઓ તથા કમીટી મેમ્બરનાં જય માતાજી.

4/1/1(9) -------- (B-18214)(2-8)

**શુધ્ધ સાત્વિક દંતમંજન**

મ.સા.ને પણ વહોરાવી શકાય તેવું શુધ્ધ અને સાત્વિક હોમ મેડ દંતમંજન જે દાંતને કુદરતી રીતે સફેદ અને પેઢાને સ્વસ્થ કરે છે. આમાં છે નારીયલ અને બદામનાં કોળસા, નિમ, સંધા નમક, ફીટકરી, લવંગ, તજ જેવા કુદરતી પદાર્થો જે નાનકડા બાળકથી માંડીને કોઈ પણ બેફીકર વાપરી શકે છે. આ મંજન ચા, કોફી, તમાકુ નાં જુના ડાઘ પણ કાઢવામાં સક્ષમ છે. હમણા જ ઓર્ડર કરો : 1 pc @ 299/-, 2 pc @ 499/-. Mo. 7249617899. પ્રિયંકા સાવલા.

4/1/1(26) -------- (B-18250)(2-9)

# શૈક્ષણિક

**સમાજનું ઘડતર અને જીવન જીવવાની કળા પીરસતી માતા એટલે - સોનગઢ રત્નાશ્રમ**

માઁ સંસ્કારોનું ચિંતન માઁ આ શબ્દમાં નજર સામે હેત, પ્રેમ, સદ્ભાવના વાસ્તસપયા, શબ્દનું મીશ્રણ એટલે માઁ. માઁ સંસ્કારોનું યોગ્ય તર્પણ એટલે વિદ્યાદાન. ગામ : કોડાય-કાંદીવલી માતુશ્રી રતનબેન તલકશી વિરજી સાવલાની (૯) નવમી પુણ્યતિથિ નિમિત્તે હસ્તે માતુશ્રી રતનબેન તલકશી વીરજી સાવલા પરીવાર તરફથી સોનગઢ રત્નાશ્રમની વિદ્યાદાતા યોજનામાં રૂા. ૧૧૦૦૦/- નું અનુદાન આપી સ્વજનની સ્મૃતિને કાયમ કરી. રત્નાશ્રમ પરીવાર માતુશ્રી રતનબેન સાવલાને ભાવભીની શ્રધ્ધાંજલી અર્પણ કરે છે. લિ. સી.એ. હર્ષ ધારશી દેઢીયા-ભૂ.વિ. મંડળ સભ્ય-ભુજપુર. ૯૯૭૫૬૨૪૮૩૪.

4/1/1(17) -------- (A-18230)(2-10)

**સતત વિકસતું વટવૃક્ષ એટલે સોનગઢ રત્નાશ્રમ**

સોનગઢ રત્નાશ્રમનું સુંદર અને નૈસર્ગી ક વાતાવરણ બાળકોનાં સર્વાંગી વિકાસ કરવાનું અને બાળકોમાં ધાર્મિક અને સામાજિક સુંદર વાતાવરણ પુરુ પાડવાનું કામ કરે છે. આ બધાથી વાકેફ ગામ : ગઢશીશા-કાંદીવલીનાં શ્રી લક્ષ્મીચંદ માણેક ગાલા (લક્ષ્મી મેટલ વર્કસ) એ સોનગઢ રત્નાશ્રમની વિદ્યાદાતાયોજનામાં રૂા. ૧૧૦૦૦/- નું અનુદાન આપી અત્રે મેળવેલ લક્ષ્મીને વિદ્યાદાનમાં વાપરી મહાલક્ષ્મી બનાવી તે બદલ રત્નાશ્રમ પરીવાર આપનો ખુબ ખુબ આભાર માને છે. લિ. હીતેશ હીરાચંદ દંડ-કારોબારી સભ્ય-સાંઘવ-9322849362.

4/1/1(18) -------- (A-18229)(2-11)

**તમારા ACCOUNTING PROBLEMS ને કરો BYE BYE**

શું તમારા ACCOUNTS હજી પણ UPDATED નથી ?
● શું ACCOUNTS અને TAX ની ચિંતા ને લીધે તમે તમારા BUSINESS પર પુર્ણ FOCUS નથી કરી શકતા? NO PROBLEM તમારા BUSINESS ના ACCOUNTS & TAXATION ની જવાબદારી અમને સોપ્યા બાદ ના ફાયદાઓ :
● વારંવાર બદલી થતા ACCOUNTING STAFF ની નિયુક્તી અને TRAINING થી છુટકારો.
● GST / I. TAX / ROC / TDS RETURNS નું સમયસર FILING / SCRUTINY HANDLING
